## નીતિ, સંશોધન અને મૂલ્યાંકન

### / અલગ અલગ વંશીય માહિતી ભેગી કરવા માટેનું  માળખું અને માર્ગદર્શિકા

વંશ આધારિત આંકડાનો સંગ્રહ, વિશ્લેષણને અને અલગ અલગ માહિતીના સરકાર અને સંસ્થાઓ દ્વારા જાહેર રિપોર્ટીંગને મજબૂત અને માનકીકરણ કરવું.

### / વંશવાદ વિરોધી અસર મૂલ્યાંકન માટેનું માળખું

સક્રિય થઈને ધારણા કરવી અને   વિવિધ મૂળનિવાસી અને વંશીકૃત જૂથો સરકાર અને સંસ્થાઓના કાર્યક્રમો અને નીતિઓથી પ્રભાવિત થઈ શકે છે  તે જાણી અજાણતા થતો પૂર્વગ્રહ દૂર કરવો

## ટકી રહેવું અને ઉત્તરદાયિત્વ

### / વંશવાદ વિરોધી કાયદો

સરકારની વંશવાદ વિરોધી ચાલુ  પ્રતિબધ્ધતાને પ્રસ્તાવિત કાયદા વડે સરળ બનાવવી, જે પસાર થઈ જાય તો, વંશને લગતાં આંકડાના સંગ્રહના માનકો અને વંશવાદ વિરોધી પ્રભાવ આકલનનું માળખું વાપરવાની સંગઠનની મંજુર કરવાની સત્તા સરકારને આપે   પ્રસ્તાવિત કાયદો વંશવાદ વિરોધી પગલાંઓ, માપી શકાય તેવા લક્ષ્યાંકો, જાહેર પ્રેષણ અને ફરી થઈ  શકે તેવી બહુવર્ષિય વ્યૂહાત્મક યોજનાઓ દ્વારા સામુદાયિક પરામર્શ ની જોગવાઇ પણ કરશે.

### / પ્રણાલીગત વંશવાદ પર જાહેર અહેવાલ

*Better Way Forward*ના હાલના પરિણામો બતાવવા અને જે પાઠ શીખવા મળ્યા હોય તે વહેંચવી

## જનશિક્ષણ અને જાગૃતતા

### / લક્ષિત જનશિક્ષણ અને જાગૃતતા

વંશવાદના ઘણા પ્રકારો અંગે અશ્વેત વિરોધી વંશવાદ, મૂળનિવાસી વિરોધી યહૂદી વિરોધી અને ઇસ્લામનો ડર તેમજ વંશવાદ પ્રભાવિત જૂથ જેમકે શીખ લોકો વિરોધી વંશવાદ સહિતની લોકોની સમજ ઊંડી કરવી, આ કામના ભાગ રૂપે.

સમુદાયના સંગઠનો ઇસ્લામના ડર માટેના કારણો, તેની અસર વધુ સારી રીતે સમજવા માટે કામે લાગશે, વિદ્યાર્થીઓ માટે જાહેર શિક્ષણ વિકસાવશે અને ઇસ્લામના ડર અંગેના નોંધાયેલા બનાવોનું સંકલન અને પ્રકાશન કરશે.

## સામુદાયિક સહકાર

### / મંત્રીનું વંશવાદ વિરોધી પરામર્શ જૂથ

ચાલી રહેલા સંવાદને આગળ વધારવા માટે સામુદાયિક ભાગીદારો અને  વ્યાપાર પ્રતિનિધિઓ વંશવાદ વિરોધી અને ખંડ માટેના ખાસ કુશળતા તેમજ પ્રત્યક્ષ અનુભવ વડે યોજનાના અમલીકરણને ટેકો આપે.

### / વંશવાદ વિરોધી પરિષદ

સંશોધનકર્તાઓ, સમુદાયના ભાગીદારો, નિષ્ણાતો અને નીતિ ઘડનારાઓને જ્ઞાન વિનિમય માટે અને સરકારના વંશવાદ વિરોધી સાધનો, વ્યૂહરચનાઓ અને માળખાઓના મૂલ્યાંકન માટે સાથે લાવે.

## ચોક્કસ પ્રજા આધારિત વંશવાદ વિરોધી ઉપાયો

વંશવાદને સમગ્ર રીતે હાથ ધરવો જરૂરી છે, પણ આપણે દરેક સમસ્યાનો એક ઇલાજ વાળો અભિગમ અપનાવી શકીયે નહિ. અમુક ચોક્ક્સ સમુદાયોની સામેની અપ્રમાણ અસમાનતાનો ઉકેલ લાવવો જરૂરી છે.

### / અશ્વેત વિરોધી વંશવાદ અંગેની વ્યૂહરચના

બાળ કલ્યાણ, શિક્ષણ અને ન્યાય જેવા ખાસ ક્ષેત્રોમાં અશ્વેત વિરોધી વંશવાદને ઉકેલવા માટે, મંત્રાલયની પહેલ અને માપી શકાય તેવા લક્ષ્યાંકો કે જેનું જાહેર પ્રેષણ કરી શકાયને પાર પાડવા માટે વાપરી શકાય.

### / સ્થાનિક કેન્દ્રિત વંશવાદ વિરોધી વ્યૂહરચના

સરકારની સુમેળ માટેની પ્રતિબદ્ધતા દર્શાવવા માટે મૂળનિવાસી સહયોગીઓની સાથે રહીને મૂળનિવાસી લોકો દ્વારા અનુભવાતા પ્રણાલીગત વંશવાદને નિશાન બનાવવા વિકસાવવી.

### / ઓન્ટારિયો જાહેર સેવા (ઓપીએસ) વંશવાદ વિરોધી વ્યૂહરચના

પ્રણાલિગત વંશવાદ પ્રતિ કર્મચારીઓની જાગરૂકતા અને સંવેદનશીલતા વધારવી અને ઓપીએસમાં વંશવાદ સામે ટક્કર લેવા માટે ટૂલ્સ, પદ્ધતિઓ અને લક્ષ્યોનો વિકાસ કરવો અને તેનો અમલ કરવો.









A BETTER WAY FORWARD: ઓન્ટારિયોની ત્રિ-વર્ષીય વંશવાદવિરોધી વ્યૂહાત્મક યોજના જે રીતે સરકાર નીતિઓ, નિર્ણયો, અને કાર્યક્રમોનું પ્રણાલીગત વંશવાદને નિશાન બનાવે છે જેથી દરેક લોકો તેમનું અનન્ય પ્રછન્ન શક્તિને પામી શકે અને સમાજમાં પૂર્ણ રીતે સહભાગી થઈ શકે.

પ્રણાલીગત વંશવાદ – અશ્વેત વિરોધી વંશવાદ, મૂળનિવાસી વિરોધી વંશવાદ, ઇસ્લામનો ડર અને અન્ય વંશીકૃત સમુદાયો દ્વારા અનુભવાતો વંશવાદ – આપણા રોજીંદા જીવન અને જે સંસ્થાઓ પર આપણે મહત્વની જાહેર સેવાઓ માટે આધાર રાખીએ છીએ તેમાં ઊંડી જગ્યા બનાવી ચૂક્યો છે. તે વિશેષાધિકાર ધરાવનારાઓ અને વંચિતો વચ્ચેનો ભેદ ઊભો કરે છે. આ સ્વીકાર્ય નથી અને આપણે જે રીતે કામ કરીએ છીએ તે આપણે બદલવું પડશે તથા વંશીય સમાનતાને આગળ વધારવા માટે અવરોધોને દૂર કરવાં પડશે.

# A BETTER WAY FORWARD

## ઓન્ટારિયોની ત્રિ-વર્ષિય વંશવાદ વિરોધી વ્યુહાત્મક યોજના

A BETTER WAY FORWARD: ઓન્ટારિયોની ત્રિ-વર્ષિય વંશવાદ વિરોધી વ્યૂહાત્મક યોજનાને ઓન્ટારિયોના વંશવાદ વિરોધી નિયામક દ્વારા દોરાશે. વધુ માહિતી માટે ONTARIO.CA/ANTIRACISM ની મુલાકાત લો



PHOTOGRAPHY **HASNAIN DATTU**

Ontario.ca/antiracism

Printed in Ontario, Canada on recycled paper.
© Queen's Printer for Ontario, 2017. ISBN 978-1-4606-9656-9

Ontario